વડીલોને વંદન અભિનંદન

રવીન્દ્ર એસ. યાદવ
(૧૯૩૨) ફોન: ૨૩૨૨૪૩૪૬

રમેશચંદ્ર મનુભાઈ જોષી
(૧૯૪૩) ફોન: ૨૩૨૩૦૬૩૨

દિવ્યપ્રભા રમેશચંદ્ર જોષી
(૧૯૪૪) ફોન: ૨૩૨૩૦૬૩૨

અંબાલાલ ભીખાલાલ પટેલ
(૧૯૪૭) ફોન: ૨૩૨૩૩૫૯૦

મહેન્દ્રભાઈ મથુરદાસ શાહ
(૧૯૫૦) ફોન: ૨૩૬૦૦૦૧૩

પ્રાંતિજ તાલુકામાં ફુલાવરના ભાવ ગગડતા ખેડુતો નિરાશ થયા

ફુલાવરના ભાવ ન મળતા ખેડુતોએ ખેતરોમાં ગાયો બેસાડી

પ્રાંતિજ, તા.૨૫

પ્રાંતિજ તાલુકાના આસપાસના ગામડાના ખેડુતો શાકભાજીની ખેતી કરે છે. જેમાં ફુલાવરની ખેતી વિશેષ કરે છે. બજારમાં પુષ્કળ પ્રમાણમાં ફુલાવરની આવક વધતા ફુલાવર અને કોબીજના ભાવમાં ધરખમ ઘટાડો થતા ખેડુતોમાં નિરાશા છવાઈ ગઈ છે.

મળતી માહિત મુજબ પ્રાંતિજ તાલુકાના ખેડુતો દ્વારા ફુલાવરની ખેતી કરવામાં આવે છે. આ વિસ્તારના ખેડુતો ફુલાવરની ખેતી કરતા હોવાથી શાકભાજીના માર્કેટમાં ફુલાવર અને કોબીજ પુષ્કળ પ્રમાણમાં આવી જતાં તેના ભાવ ગગડયા છે. ફુલાવરની ખેતીમાં ઠંડી ઋતુ અને મોંઘા બિયારણ અને ખાતર નાંખવાથી તેમજ દવાના છંટકાવથી પાકમાં પુષ્કળ ઉતારો થાય છે. શાકભાજીના માર્કેટમાં ફુલાવરના ૨૦ કિલોના રૂ. ૧૦ થી ૧૫ થઈ ગયા છે અને કોબીજના પણ ૨૦ કિલોના રૂ.૧૫ થી ૨૦ થઈ ગયા છે. આથી ખેડુતોને શાકમાર્કેટમાં લઈ જવાના તેમજ મજુરીના પૈસા પણ નીકળતા ન હોવાથી ખેડુતો મુંઝાયા છે. ખેડુતોને આ વર્ષે ફુલાવરની ખેતીમાં બિયારણ અને ખાતરના રૂપિયા પણ માથે પડયા છે. તો અમુક ખેડુતો પોતાના ખેતરમાં ગાયો બેસાડીને ફુલાવરની ખેતી ખવડાવી દે છે તો બીજા ખેડુતો એ ખેતરમાં ટ્રેકટર ફેરવીને બીજી સિઝનના પાકની તૈયારી શરુ કરી છે. આ વર્ષે માવઠાથી પણ આસપાસના ખેડુતોને કરોડો રૂપિયાનું નુકશાન થવા પામ્યું છે. ખેડુતોને ફુલાવર અને કોબીજની ખેતીમાંથી નુકશાની વેઠવાનો વારો આવ્યો હોવાથી ખેડુતો નિરાશ થયા છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરામાં સ્વાઈન ફલુથી મહિલાનું મૃત્યુ

લક્ષ્મીપુરા, તા.૨૫

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામમાં રહેતી એક મહિલાનું સ્વાઈન ફલુથી મૃત્યુ નિપજતા જિલ્લા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામમાં રહેતી સંગીતાબેન ઉપેન્દ્રભાઈ પટેલ ઉ.વ.૨૫ને છેલ્લા કેટલાય દિવસોથી તાવ આવતો હતો. તેણીને ગામની નજીક આવેલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જયાં તેણીના બ્લડ અને યુરીનના સેમ્પલ લઈ નિદાન કરતાં સંગીતાબેનને સ્વાઈન ફલુના લક્ષણો જણાયા હતા. ત્યાંથી તેમને અમદાવાદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. સ્વાઈન ફલુના આ કેસ અંગે જિલ્લા આરોગ્ય તંત્રને જાણ કરવામાં આવી હોવા છતાંય તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પગલા નહી ભરીને લક્ષ્મીપુરાના ગ્રામજનોને રામભરોસે મૂકી દીધા હોય તેમ લાગી રહ્યું છે.

પ્રાંતિજના આંટીયાવાસના દબાણકાર સામે તંત્રનું મૌન

પ્રાંતિજ, તા.૨૫

પ્રાંતિજના આંટીયાવાસમાં ગેરકાયદેસર દબાણ કરીને બાંધકામ કરવામાં આવી રહ્યું છે ત્યારે સ્થાનિક રહીશોએ અનેકવાર તંત્રમાં ફરિયાદ કરવા છતાંય તંત્રએ નક્કર કોઈ પગલા ભર્યા નથી. તેમજ ગેરકાયદે બાંધકામકર્તા કાયદાને ઘોળીને પી જઈ કાયદાની મજાક ઉડાવતો હોય તેમ બાંધકામ ચાલુ રાખીને લાગી રહ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ પ્રાંતિજના નાની ભાગોળ વિસ્તારમાં આવેલ આંટીયાવાસમાં રહેતા પ્રહલાદભાઈ નામના વ્યકિતએ પોતાના મકાન નં. ૨૯૪પનું નવેસરથી બાંધકામ ચાલુ કર્યું છે. જેમાં રસ્તામાં આડશ ઉભી કરી બાજુના લોકોના મકાન પાસે જ પગથીયા અને સંડાસ સહિતના ગેરકાયદે દબાણો ઉભા કર્યા છે. બાજુમાં રહેતા વિધવાબેન નીલાબેન જોષીએ તંત્ર સમક્ષ અનેકવાર આ ગેરકાયદે ઉભા થતાં દબાણ અંગે તંત્રને જાણ કરી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલા ભરવામાં આવ્યા નથી. નગરપાલિકાની નોટીસ અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ (૨૭)ની જોગવાઈઓનો ભંગ કરવા બદલ મનાઈ હુકમ તા. ૬-૨-૧૩ના રોજ આપવા છતાંય દબાણકારો બિનઅધિકૃત રીતે પરિસ્થિતિ જૈસે થે રાખી મુંછો તાણે છે જયારે વિધવા મહિલા પોતાને ન્યાય મળે તે આશાએ દરદર ભટકી લોકોને કાકલુદી કરી રહી છે ત્યારે જોવું રહ્યું કે કોને કેવો ન્યાય મળશે?

ગુજરાતને વિશ્વમાં નામ મળ્યું છે તો ગુજરાતની જનતાને માન મળ્યું છે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા. ૨૫

એક સમયનું ગુજરાત જેનું દેશ કે વિશ્વમાં ક્યાંય નામ નહોતું એ ગુજરાતને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના છેલ્લા એક દાયકાના શાસનમાં વિશ્વમાં નામ મળ્યું છે તો ગુજરાતની જનતાને માન મળ્યું છે. ગુજરાત તો ૧૯૬૦થી હતું પણ વર્ષ ૨૦૦૧ પહેલાંના રાજ્યના નેતૃત્વને ગુજરાતની આ ક્ષમતા અને ગુજરાતની જનતાનું ખમીર કે તેનામાં રહેલી વિકાસની જીવાન ક્ષમતા ક્યારેય દેખાઈ નહોતી, જે છેલ્લા એક દાયકાના દ્રષ્ટિસંપન્ન નેતૃત્વે જોઈ જ નહીં પણ વિકાસની જયોત પ્રગટાવી, જે આજે દેશ સહિત વિશ્વમાં પણ ઝળહળી રહી છે. રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા અને આભાર પ્રસ્તાવનું સમાપન કરતાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે વિધાનસભા ગૃહમાં વિપક્ષ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ગાંધી અને સરદારના નામે ઓળખાતું ગુજરાત હવે મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નામે પણ ઓળખાય છે અને તે રાજ્યના ૬ કરોડ ગુજરાતીઓનું ગૌરવ છે.

રાજ્યપાલશ્રીના સંબોધન પર છેલ્લા ત્રણ દિવસથી ચાલતી ચર્ચાના આજે ત્રીજા અને છેલ્લા દિવસે સભ્ય શ્રી આત્મારામ પરમારે ૨૩ જાન્યુઆરીના રોજ રજૂ કરેલા આભાર પ્રસ્તાવને વિધાનસભા ગૃહમાં અધ્યક્ષશ્રીએ મૌખિક મતદાન માટે મુકતાં તેનો મૌખિક મતદાનથી બહુમતિથી આભાર પ્રસ્તાવનો સ્વીકાર કરાયો હતો. આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં વિધાનસભા ગૃહમાં કુલ ૩૫ સભ્યોએ ભાગ લીધો હતો, જેમાં સત્તાધારી પક્ષના ૨૦ અને વિપક્ષના ૧૫ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો હતો.

ગુજરાતે છેલ્લાં એક દાયકામાં તમામ ક્ષેત્રોમાં સાધેલી પ્રગતિ અને રાષ્ટ્રીય મહાનુભાવો, અગ્રણી, પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ દ્વારા ગુજરાત અને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની પ્રસંશા અંગે વિપક્ષી નેતાના ઉલ્લેખનો તાર્કિક પ્રત્યુત્તર વાળતા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, રતન ટાટા, મુકેશ અંબાણી, અનિલ અંબાણી શું કોઈની ચિઠ્ઠી વાંચીને બોલે? એવું તેમનું વ્યક્તિત્વ છે? એ ઉપરાંત શ્રી શરદ પવાર, દિલ્હીના મુખ્ય મંત્રી શ્રી શીલા દિક્ષીત, શ્રી પૃથ્વીરાજ ચૌહાણ, ડૉ. ફારૂખ અબ્દુલ્લાહ, શ્રી એન. વિઠ્ઠલ આવા તો અનેક મહાનુભાવોએ ગુજરાતના વિકાસને તેના સુશાસનની ભરપુર પ્રસંશા કરી, ગુજરાતના વર્તમાન નેતૃત્વને નવાજયું છે, તો શું આ મહાનુભાવો પણ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી 'સ્ક્રિપ્ટ' મુજબ બોલે છે?

ગુજરાતનો વિકાસ એ પંચશક્તિના આહ્વાનનું ચમત્કારિક પરિણામ છે, તેમ જણાવી શ્રી ચુડાસમાએ ગુજરાતે સાધેલા સર્વાંગી વિકાસનો ગૃહમાં વિગતવાર ચિતાર આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ૧૯૬૦થી તમામ ક્ષેત્રો અંધકારની ગર્તમાં ધકેલાયેલા ગુજરાતમાં ૨૦૦૧-૦૨થી વિકાસની જયોત પ્રગટી છે. ગુજરાતમાં કચ્છનું રણ, યાત્રાધામ અંબાજી, નવરાત્રિ મહોત્સવ, મકરસક્રાંતિ આ બધું તો પહેલાં પણ હતું પણ કમનસીબે ૨૦૦૧ પહેલાં કોઈને આ ન દેખાયું પણ મુખ્ય મંત્રીશ્રીએ 'ઈનોવેટિવ' કાર્યદ્રષ્ટિ દ્વારા ગુજરાતની વિશ્વમાં નવી ઓળખ આપી.. ગુજરાત શું છે તેની પ્રતિતી કરાવી... ગુજરાતે "તૃષ્ટિકરણ કોઈનું નહીં વિકાસ સૌનો"ની રાજનીતિ અપનાવી એના જ કારણે રાજ્યમાં હવે મુસ્લિમ ભાઈઓનું સમર્થન પણ વધ્યું છે. ગુજરાતની જનતાએ પણ 'દિશા બદલીએ, દશા બદલીએ' ની માળા જપનારાઓને વિકાસ પ્રક્રિયા સામે સતત અપપ્રચાર કરનારાઓને તેમની દિશા બતાવીને દશા પણ બગાડી નાંખી છે ત્યારે હજી પણ તેઓ વાસ્તવિકતા સ્વીકારી શકતા નથી. પરંતુ ગુજરાતની જનતાને વર્તમાન નેતૃત્વમાં જે પ્રચંડ વિશ્વાસ છે, જે સમર્થન છે તેના જ સથવારે આપણું ગુજરાત આગામી દિવસોમાં ભવ્ય અને દિવ્ય ગુજરાત બનશે, એ નિઝ્ઝિત છે.

બનાસકાંઠામાં ૪ નવીન વીજ સબસ્ટેશનો સ્થપાશે

બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા, ધાનેરા, થરાદ અને વાવ તાલુકામાં નવીન વીજ સબ સ્ટેશનો અંગેના વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના લેખિત જવાબમાં ઉર્જામંત્રીએ જણાવ્યું હતું કે, થરાદ જિલ્લામાં ડિસેમ્બર ૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩ નવીન વીજ સબ સ્ટેશનો ઉભા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી. ડેલ, દુધાવા અને લવાણાં ખાતે ૬૬ કેવી વીજ સબસ્ટેશનો કાર્યરત થયા છે. ઉપરાંત વાવ તાલુકાના વાવ અને લુણપુર, દાંતીવાડા તાલુકાના ભાખર, ધાનેરા તાલુકાના નાનુડા અને શિયા તથા થરાદ તાલુકાના મિયાલ, ભોરડું તથા દેલણકોટ ખાતે નવીન વીજ સબસ્ટેશનો ઉભા કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. જ્યારે અમીરગઢ તાલુકાના ભાયલા ગામ ૬૬ કેવી વીજ સબ સ્ટેશન કાર્યરત કરાયેલ છે.


ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની આજે જયુઇશ-અમેરિકાના માનવઅધિકારના કર્મશીલ અને પત્રકાર-લેખક શ્રીયુત ડો. રિચાર્ડ બેન્કીને (RICHARD BENKIN)ને સૌજન્ય મૂલાકાત લીધી હતી. ડો. રિચાર્ડ બેન્કીન માનવઅધિકારના મુદ્દે બાંગ્લાદેશમાં સક્રિય કાર્ય કરેલું છે અને અમેરિકામાં પણ કટ્ટરતા સામે વિરોધ કરતા રહયા છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૯૦ મદદનીશ ઈજનેરોને નિમણૂકપત્ર અપાયા

ગાંધીનગર, તા. ૨૫

માર્ગ અને મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આજે ગાંધીનગર ખાતે માર્ગ અને મકાન વિભાગમાં મદદનીશ ઈજનેરની નિમણૂંકની જગ્યા માટે પસંદગી પામેલા ૯૦ જેટલા ઈજનેરોને નિમણૂંકપત્રો આપ્યા હતા.

નવનિયુકત ઈજનેરોને અભિનંદન પાઠવતાં મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કહ્યું કે, અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ નવા ડિઝાઈનયુકત બાંધકામ કરવા નવનિયુકત ઈજનેરો તત્પર રહે. રાજ્ય સરકારે ભરતીની પ્રક્રિયાને પારદર્શક બનાવી છે, તેમ જણાવી મંત્રી શ્રીમતી પટેલે કહ્યું કે, તેમના શિક્ષણ મંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન વિદ્યાસહાયકોની ભરતીની પ્રક્રિયા પારદર્શક પદ્ધતિથી કરીને યુવક-યુવતીઓને સીધી રોજગારી આપી હતી. રાજ્યના તમામ વિભાગોમાં પારદર્શક ભરતી પ્રક્રિયા થવાથી કોઈપણ જાતના ભ્રષ્ટાચારને સ્થાન રહ્યું નથી. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતને નવી ચાઈ ઉપર લઈ જવાની પ્રતિબદ્ધતા સાથે કાર્યરત છે તેમ જણાવી મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે યુવક-યુવતીઓને તેઓની ક્ષમતાનો ઉપયોગ રાજ્યની સમૃદ્ધિ અને સુખાકારી માટે કરવા જણાવ્યું હતું.

રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગનું કાર્ય સંતોષકારક રીતે થઈ રહ્યું છે તેમાં ઈજનેરોની મહેનત, ચોકસાઈ અને સમયસર કામ કરવાની વૃત્તિ છે, તેમ જણાવી શ્રીમતી આનંદીબેન પટેલે સમગ્ર રાજ્યમાં આ વિભાગ દ્વારા આંતરમાળખાકીય સુવિધાઓ માટે કરવામાં આવતાં કામોમાં પ્રમાણિકતા લોકોની અપેક્ષાઓ તથા કાર્યની ગુણવત્તાને ખાસ ધ્યાનમાં રાખવા અનુરોધ કર્યો હતો. આજે ઉમેદવારોને નિમણૂંકપત્રો મેરીટના આધારે સ્થળ પર જ પોતાની પસંદગીની જગ્યા પર આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે માર્ગ અને મકાન વિભાગના અગ્ર સચિવ શ્રી એસ. એસ. રાઠોડ અને રસ્તા-મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પંચમહાલના દૂધ ઉત્પાદક સંઘની ગ્રામીણ મહિલા સદસ્યો મુખ્યમંત્રીની મૂલાકાતે

મહિલા શૈક્ષણિક તાલીમ કાર્યક્રમ અન્વયે વિધાનગૃહની કાર્યવાહી નિહાળી-મુખ્યમંત્રીશ્રીનું માર્ગદર્શન મેળવ્યું. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની ૫૦૦ મહિલા સભ્યોએ વિધાનસભા પરિસરમાં મૂલાકાત લીધી હતી.

શબ્દાવલી - ૪૯૯૦



આડી ચાવી

૧. બહુ મુશ્કેલીથી (૪)
૪. આશ્વાસન (૩)
૬. એંધાણ, સમાચાર (૩)
૭. ચોખવટ (૩)
૯. પગ, પંખી (૨)
૧૦. બોલાચાલી (૪)
૧૧. નંદી, શિવજીના... (૨)
૧૨. ... કરવો, આડશ કરવી (૩)
૧૩. બિકાઉ, વેચાણ યોગ્ય (૩)
૧૫. શમશેર (૨)
(૧૮) ચીમટો, રસોડાનું ઓજાર (૩)
૧૯. ... સેવ, તીખી સેવ (૪)

ઊભી ચાવી

૧. સીંગ, મગફળી (૩)
૨. માંસ ખાનારા (૪)
૩. ડગલુ, પગલું (૨)
૫. લાભ-ગેરલાભ (૪)
૭. નાશ-વિનાશ (૩)
૮. ગોદ-બાજુ (૨)
૯. પરંતુ, પ્રતિજ્ઞા (૨)
૧૦. ચડવું - ઉતરવું (૫)
૧૧. ગલગલીયાં (૪)
૧૨. 'ચાપ' શબ્દ ઊંધો (૨)
૧૩. ખુબ ઢીંગણો વેંત જેવડો (૩)
૧૪. પ્યાલા-ગ્લાસ (૩)
૧૬. કુટેવ, આદત (૨)
૧૭. પત્તાની એક રમત (૨)

શબ્દાવલી ૪૯૮૯ના જવાબ

આડી ચાવી :- (૧) ચિરંજીવી (૫) બાબાગાડી (૭) લેખિત (૮) લક (૯) પુરાણ (૧૧) મીલ (૧૨) રસ (૧૪) આંક (૧૫) પ્રિયંકા ગાંધી (૧૭) રવિ (૨૦) જગ (૨૧) અવઢવ

ઊભી ચાવી :- (૧) ચિઠ્ઠી (૨) જીવલેણ (૩) તોબા (૪) ઘડીક (૫) બાતમી (૬) ગાલ (૯) પુરસ્કાર (૧૦) રાસ (૧૩) સ્વયંભૂ (૧૪) રાસ (૧૬) ગાંડીવ (૧૮) વિજ (૧૯) દવ

પરિસંવાદ યોજાયો...

● પાના નં. ૨નું ચાલુ

અન્ય મહાનુભાવોમાં મોહનલાલ પટેલે ગુજરાતી લઘુકથાનો આસ્વાદસાથે અન્ય રાજયોની લઘુકથાઓનું રસપાન કરાવ્યું હતું. પ્રેમજીભાઈ પટેલ, યશવંત કડીકર, રમેશભાઈ ત્રિવેદી, ભગવત સુથારે ગુજરાતી લઘુકથા પઠન અને આસ્વાદ કરાવ્યું હતું. જયારે ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે પ્રસ્તુત લઘુકથાઓનું વિવેચન કર્યું હતું. તેમણે પોતાના વકતવ્યમાં ગુજરાતી ભાષાના કનૈયાલાલ મુનશી, કવિ કાન્ત, મોહનલાલ પટેલ, પ્રેમજીભાઈ રતિલાલ બોરીસાગર, વગેરે લેખકોની વિશેષતાઓ રજૂ કરી હતી.

કાર્યક્રમના સમાપનસમારોહના અધ્યક્ષ તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડી.ટી. કાપડીયા, અતિથિ વિશેષ તરીકે સર્વ વિશ્વ વિદ્યાલય કડીના મંત્રી ડૉ. મણીભાઈ પટેલ, કડી સર્વ વિદ્યાલય સેકટર-૨ ના કેંમ્પસ ડારેકટર ડૉ. સોમભાઈ પટેલ, સેકટર-૧ ના કેંમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે.વ્યાસ, સાહિત્યકાર યશવંત કડીકર ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રેક્ષા પટેલ, વર્ષાબેન પારેખે કર્યું હતું.

વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ યોજના અંતર્ગત ૩૬૫૧ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

આ પૈકી છેલ્લા બે વર્ષ દરમ્યાન ૧૨૨૩ લાભાર્થીઓને લાભ અપાયો છે જેમાં ગાંધીનગર તાલુકાના ૧૫૪, દહેગામ ૩૪૭, કલોલના ૪૬૬ અને માણસાના ૨૫૬ લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

આ યોજના માટે સમયમર્યાદા નિયત કરાયેલી હતી અને જિલ્લામાં કોઈ લાભાર્થી આ યોજના હેઠળ આડી પણ નથી તેમ મંત્રીશ્રીએ જણાવ્યું છે.

શંકાસ્પદ દર્દી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવામાનમાં ઉભી થયેલી પ્રતિકૂળ પરિસ્થિતિને પગલે વાઈરલ રોગોના દર્દીઓની સંખ્યામાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે હવામાનમાં સતત બદલાવને કારણે બેવડી ઋતુનો અનુભવ જિલ્લાવાસીઓ કરી રહ્યા છે. રાત્રે ઠંડી અને ભેજનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે દિવસે ગરમીનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે.

ચાંદખેડામાં સ્કુલ બસ અને ડમ્પર વચ્ચે અકસ્માત : બાળકોને ઈજાઓ

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદના ચાંદખેડા વિસ્તારનાં રાધાસ્વામી સત્સંગ મેઈન રોડ પર આજે બપોરે સ્કૂલ બસ અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાને પગલે લોકોનાં ટોળેટોળા ઉમટી પડ્યા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડમ્પર ચાલક અકસ્માત કરી નાસી છૂટ્યો હતો. આ અંગે ચાંદખેડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગત એવી છે કે જીતેન્દ્રસિંહ ચાવડા (રહે. વસઈ, ડાભલા) સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલમાં સ્કુલ બસ ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. આજે બપોરે ૧૩.૧૫ વાગ્યાના સુમારે જીતેન્દ્રસિંહ સ્કુલ બસ લઈ રાધા સ્વામી સત્સંગ મેઈન રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બીજી તરફથી પુરપાટ ઝડપે આવી રહેલા ડમ્પર નં. જી.જે. ૧૮ એયુ ૭૩૯૭ ના ચાલકે સ્કુલ બસ સાથે ડમ્પરને ટક્કર મારી હતી. આ ઘટનાને પગલે સ્કુલ બસમાં બેઠેલા બાળકોએ ચીસાચીસ કરી મૂકી હતી. ઘટનાને પગલે લોકોનાં ટોળે ટોળા ભેગા થઈ ગયા હતા. અને ડમ્પર ચાલક ડમ્પર મૂકી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ચાંદખેડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

મકાન મરામત હેઠળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસોને બિસ્માર હાલતમાંથી ઉગારવા તંત્ર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી મજબૂતીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. જ્યારે સે. ૧૨ અને ૬ સહિતના સેક્ટરોમાંથી ભયજનક મકાનો પણ તોડી પાડવામાં આવ્યા છે. આમ છતા સેક્ટરોમાં ઘણા ખરા આવાસોની સ્થિતિ જોખમી હોવાનુ ધ્યાને આવ્યું છે. સેક્ટરોમાં સ્થિત આવાસોની સ્થિતિ સુધારવા મજબૂતીકરણના આગામી આયોજન માટે સર્વેની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. શહેરમાં હાલની સ્થિતિએ ૯૬૭ જેટલા મકાનો મરામર કામગીરી હેઠળ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જેમાં જ-૧ કેટેગરીના ૨૪, જ-૨ કક્ષાના ૨૬, જ-કક્ષાના ૧૨૦, છ કક્ષાના ૨૩૬, ચ-૧ના ૨૮, ચ-૨ ૧૭, ઘ-૧ના ૩, ઘ-૭૧, ગ-૧ ૩૪, ગ કક્ષાના ૭ તેમજ ખ-કક્ષાના-૧ મકાનનો સમાવેશ થાય છે. સર્વેની પ્રક્રીયા બાદ મકાનોની મજબૂતીકરણ માટે નવી યાદી તૈયાર થાય તેવી સંભાવના છે.

મહેસાણા ખાતે સમસ્ત મુસ્લીમ સમાજનો સાતમો સમુહ લગ્નોત્સવ યોજાયો

મહેસાણા, તા.૨૫

મહેસાણા નાયક ભોજક છાત્રાલય ખાતે સર્વોદય વેલ્ફેર ટ્રસ્ટ મહેસાણા દ્વારા આયોજીત સમસ્ત મુસ્લીમ સમાજના સાતમા સમુહ લગ્ન યોજાયા હતા. જેમાં ૩૭ દુલ્હા-દુલ્હનોએ એક મંચ પર નિકાહ પઢયા હતા. આ સમસ્ત મુસ્લીમ સમાજના લગ્નમાં દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમસ્ત મુસ્લીમ સમાજના સમુહ લગ્નમાં કોમી એકતાનું અનોખું મિલન જોવા મળ્યું હતું. આ સમુહ લગ્નમાં જનાબ અહેમદભાઈ નાંદોલિયા સામાજિક કાર્યકર સિધ્ધપુર સમારંભના પ્રમુખ તેમજ અતિથિ વિશેષ તરીકે જનાબ પટેલ અતુલભાઈ ચંદુભાઈ, જનાબ ચૌધરી અરવિંદભાઈ અભેરાજભાઈ, જનાબ શેખ મહંમદ ઝુંબેરભાઈ હાજી હુસેનભાઈ ઉપસ્થિત રહ્યા હતા.